**Government Arts College, Kaparada**

# સરકારી વિનયન કોલેજ, કપરાડા

મુ.પો.- કપરાડા નિશાળ ફળિયા પાણીની ટાંકી પાસે તા.- કપરાડા જી.- વલસાડ, પિનકોડ નં. ૩૯૬ ૦૬૭ સ્થાપના વર્ષ ૨૦૧૨ ઇ-મેઇલ : gackaparada@gmail.com, web address : www.kapradacollege.org

---

**GACK/2020/**સામુ. સેવાધારા/અહેવાલ/૭૪ **DATE: 18/02/2020**

સરકારી વિનયન કોલેજ, કપરાડા અને જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરી, વલસાડના સંયુક્ત ઉપક્રમે તા.18મી ફેબ્રુઆરી, 2020 ના રોજ યોજાયેલ 'બેટી બચાવો બેટી પઢાવો' સેમિનાર અંગેનો અહેવાલ:

સરકારી વિનયન કોલેજ, કપરાડા અને જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરી, વલસાડના સંયુક્ત ઉપક્રમે તા.18/02/2020 ના મંગળવારના રોજ 10:00 કલાકે કોલેજમાં ચાલતી સપ્તધારાની પ્રવૃત્તિઓ અંતર્ગત 'સામુદાયિક સેવા ધારા' હેઠળ "બેટી બચાવો બેટી પઢાવો" સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અધ્યક્ષ પદે કપરાડા તાલુકાના મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટશ્રી રહ્યા હતા. કાર્યક્રમમાં મહેમાન તરીકે જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર, ધરમપુરના કાર્યકર્તા બહેનો તથા કોલેજના આચાર્યશ્રી ડૉ. ડી. એન. દેવરી સાહેબ અને સામુદાયિક સેવા ધારાના અધ્યક્ષ શ્રી. ડો.પી. બી. કુરકુટિયા અને સામુદાયિક સેવા ધારાના ઉપાધ્યક્ષ સંદિપભાઈ એન. ટંડેલ તથા કોલેજના અન્ય સ્ટાફગણની ઉપસ્થિતિમાં 10:30 કલાકે દીપ પ્રાગટયથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ સંદિપભાઈ એન. ટંડેલ ધ્વારા મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું કોલેજના આચાર્યશ્રી અને અધ્યાપકો દ્વારા મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અનુરૂપ પ્રાસંગિક ઉદ્દબોધન આચાર્યશ્રી ડૉ. ડી. એન. દેવરી સાહેબે રજુ કર્યું. ડો.પી. બી. કુરકુટિયા સાહેબે સેવા સામુદાયિક ધારા અંગેની માહિતી રજૂ કરી દીકરીના જન્મને હકારાત્મક દ્રષ્ટિએ વધામણી કરવા સંદર્ભે વાતો કરી હતી. જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીએ માતૃત્વ સશક્તિકરણ, સ્ત્રી સશક્તિકરણ, સ્ત્રી શિક્ષણ સંદર્ભે વક્તવ્ય આપ્યું હતું. તેમણે ખાસ કરીને કપરાડા તાલુકાના સંદર્ભે બાળલગ્ન બાબતે ચર્ચા કરી હતી. જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીએ બાળલગ્ન અધિનિયમ 2006 અંતર્ગત આવતા દંડ અને સજાની જોગવાઈથી વિદ્યાર્થિઓને માહિતગાર કર્યા હતા. વલસાડ જિલ્લા ફિલ્ડ ઓફિસરશ્રીએ 'બેટી બચાવો બેટી પઢાવો' સૂત્રને મૂળમાંથી સમજાવતા સ્ત્રી ભ્રુણહત્યા, બાળ – મહિલાઓની રક્ષા અને તેમના શિક્ષણ સંદર્ભે વક્તવ્ય રજૂ કર્યું હતું. તે ઉપરાંત કામકાજના સ્થળે જાતીય સતામણી અધિનિયમ 2013 અંગેની માહિતી પણ આપી હતી. સાથે 'સી-બોક્ષ' નામની વેબસાઈટની પણ માહિતી આપી હતી. કાર્યક્રમની આભારવિધી શ્રી. કિરણકુમાર ગામીતે કરી હતી. આ કાર્યક્રમમાં કોલેજનો શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફે હાજરી આપી હતી. કોલેજના 102 વિદ્યાર્થીઓએ હાજર રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કોલેજના પ્રા. શ્રી. મનોજકુમાર પટેલે કર્યું.

કાર્યક્રમના પ્રથમ સેશન પછી ઉપસ્થિત તમામ લોકો માટે ભોજનની વ્યવસ્થા જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરી, વલસાડ દ્વારા કરવામાં આવેલ હતી. ત્યાર બાદ સૌ સાથે મળી કોલેજથી કપરાડા બજાર સુધી રેલી કાઢવામાં આવી હતી. બજારમાં કોલેજના વિદ્યાર્થીઓ ભરસટ હસુમતીબેન કિશનભાઈ (સેમ-2), ભરસટ જયશ્રીબેન કિશનભાઈ (સેમ-6), માહલા મેહુલભાઈ પાંડુભાઈ (સેમ-4), ચૌધરી રવિંદ્રભાઈ દિનેશભાઈ (સેમ-4), ડગળા ભરતભાઈ બાબુરાવ ભાઈ (સેમ-4), ગાયકવાડ રેખાબેન માહદુભાઈ (સેમ-6), આશાર્યા પંકજભાઈ રામાભાઈ (સેમ-4) ધ્વારા "બેટી બચાવો બેટી પઢાવો" વિષય અનુરૂપ નુક્કડ નાટકની રજૂઆત કરવામાં આવી હતી. જેને કપરાડાના ગ્રામવાસીઓએ નિહાળી નાટકની પ્રશંસા કરી હતી. ઉપસ્થિત મહેમાનોએ નાટકમાં ભૂમિકા ભજવનાર પાત્રોને અભિનંદન પાઠવ્યા હતા.

Govt. Arts College-Kaparada * Dist Valsad *

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.